પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ (ધોરણ– ૧ થી ૫)માં શિક્ષક / વિદ્યાસહાયક થવા આ પરીક્ષા આપી પાસ કરવાની રહેશે.

(I) વિવિધ હેતુલક્ષી કુલ ૧૫૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય સળંગ–૯૦ મિનિટનો રહેશે.

(II) તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

(III) તમામ વિભાગોનું એક જ પેપર રહેશે.

- વિભાગ – ૧ : બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો ( Child Development & Pedagogy ) : ૩૦ બહુહેતુક પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

– જેમાં Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

– બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ ૬ થી ૧૧ વયજૂથનાં બાળકો માટેના અધ્યયન–અધ્યાપનના શૈક્ષણિક મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, , બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી કસોટીમાં પૂછવામાં આવશે.

- વિભાગ – ૨ અને ૩ : ભાષા ૧ અને ૨ ( ગુજરાતી અને અંગ્રેજી) : ૩૦– ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૬૦

– ભાષાકીય સજ્જતા અને વિદ્યાર્થીઓ સાથેના વર્ગવ્યવહાર અને આંતરક્રિયાને લગતી સજ્જતાનું મૂલ્યાંકન – ભાષા–૧ ( ગુજરાતી) માં થશે. જયારે ભાષા – ૨ (અંગ્રેજી)માં ભાષાનાં મૂળભૂત તત્વો, પ્રત્યાયન અને સારઅર્થગ્રહણની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે.

•વિભાગ – ૪ : ગણિત : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

– વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણ અંગેની બાબતો અને Problem Solving Abilities (સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા) તથા વિષયના પધ્ધતિશાસ્ત્ર અને વિષયવસ્તુનું વ્યવહારિક પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થશે.

- વિભાગ – ૫ : પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી : ૩૦ પ્રશ્નો : દરેકનો એક ગુણ : કુલ ગુણ – ૩૦

- આમ આ કસોટી માટે ધોરણ ૧ થી ૫ નો અભ્યાસક્રમ ધ્યાને લેવો, પરંતુ તેનું કઠિનતામૂલ્ય અને સંબંધ માધ્યમિક શિક્ષણ ( ધોરણ ૬ થી ૮) સાથેનું હોય તે જરૂરી છે.

www.marugujarat.in